# દેશમાં નબળા ચોમાસાની આગાહી

## હવે માત્ર ૮૮ ટકા વરસાદની આગાહી : તીવ્ર મોંઘવારીના પણ સ્પષ્ટ સંકેત

નવીદિલ્હી,તા. ૨

મોનસૂનને લઈને હવામાન વિભાગને પોતાની આગાહી ઘટાડવાની ફરજ પડતા દેશના સામાન્ય લોકો, ખેડૂત સમુદાય અને મોદી સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. હવામાન વિભાગે મોનસૂનની આગાહીને ડાઉનગ્રેડ કરીને હવે ૮૮ ટકા કરી દેતા દેશના ઘણા ભાગોમાં દુષ્કાળનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. દેશમાં આ વર્ષે માત્ર ૮૮ ટકા જ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. એપ્રિલ મહિનામાં સરેરાશ ૯૩ ટકા વરસાદ થવાની આગાહી કરવામાં આવી હતી પરંતુ આ વર્ષે મોનસુનની આગાહીને હવે લોંગટર્મ એવરેજ ઘટાડીને ૮૮ ટકા કરી દેવાતા ચિંતાની સાથે સાથે મોંઘવારી વધવાના પણ સંકેત દેખાઈ રહ્યા છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન હર્ષવર્ધને આજે કહ્યું હતું કે, ઉત્તર પશ્ચિમ ક્ષેત્રમાં સામાન્ય સરેરાશ વરસાદ માત્ર ૮૫ ટકા રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, તાજા અંદાજ અમને હેરાન કરી રહ્યા છે. કારણ કે, આ મોનસૂનના ૮૮ ટકા વરસાદ થવાની સંભાવના છે જે એપ્રિલના ૯૩ ટકાની સરખામણીમાં ઓછી છે. કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ હવે મોનસુન પાંચમી જૂન સુધી કેરળ પહોંચશે. હવામાન વિભાગે એપ્રિલમાં દેશમાં સામાન્ય વરસાદ ૯૩ ટકા રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. હર્ષવર્ધને કહ્યું છેકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ હવામાનમાં થઈ રહેલા ફેરફાર પર સતત નજર રાખી રહ્યા છે. મોદીએ તમામ સંબંધિત મંત્રીઓને જરૂરી તૈયારીઓ કરવા અને પગલા લેવાના આદેશ કરી દીધા છે. જેથી સામાન્ય લોકોને તકલીફ ન પડે. દેશભરમાં ગરમીથી ૨૦૦૦થી પણ વધુ લોકોના મોત થઈ ચુક્યા છે ત્યારે હવામાન વિભાગની આગાહી ભવિષ્યને લઈને પણ ચિંતાજનક ચિત્ર સર્જે છે. આ અગાઉ અમેરિકી સંસ્થા પણ કહી ચુકી છે કે, ભારત અને પાકિસ્તાનમાં આ વર્ષે દુષ્કાળની સ્થિતિ રહી શકે છે. અમેરિકન વેધર ફોરકાસ્ટિંગ એજન્સી એક્યુવેધરના વરિષ્ઠ હવામાન વૈજ્ઞાનિક નિકોલસે કહ્યું છે કે, આ ગરમીમાં અલનેનોની સ્થિતિ મજબૂત થશે. હવામાન વિભાગની આગાહીથી કૃષિ સમુદાયમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સામાન્ય લોકો માટે પણ નિરાશાજનક સમાચાર છે. હવામાનની આગાહીનો મતલબ એ થયો કે ભારતમાં સતત બીજા વર્ષે ઓછા વરસાદની સ્થિતિ રહેશે. કારણ કે ૨૦૧૪માં પણ આવી જ સ્થિતિ રહી હતી. હર્ષવર્ધને કહ્યું છે કે, ઉત્તર પશ્ચિમ પ્રદેશમાં દિલ્હી, એનસીઆર, હરિયાણા, પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. અને આગાહીથી આ તમામ વિસ્તારને અસર થશે. દક્ષિણ પશ્ચિમ મોનસુનની તારીખ પહેલાથી જ ચુકી ગઈ છે. પહેલી તારીખે મોનસુનની આગાહી હતી પરંતુ હવે ચોથી જૂનના દિવસે મોનસુન એન્ટ્રી કરી શકે છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન સમયસર બેસે તે ખુબ મહત્વપૂર્ણ છે. ગયા વર્ષે દેશમાં ૧૨ ટકા ઓછો વરસાદ થયો હતો. અનાજ, કપાસ, તેલિબિયાને માઠી અસર થઈ હતી. કૃષિ ગ્રોથ ૨૦૧૪-૧૫ના નાણાંકીય વર્ષમાં ૦.૨ ટકા રહ્યો હતો.



**ટ્યુરિઝમ અને વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન અપાશે : ગડકરી**

## ૧૧૦૦ આઈલેન્ડ અને ૩૦૦ લાઈટ હાઉસો વિકસિત કરાશે

નવીદિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવા માટે ૧૧૦૦ આઈલેન્ડ અને ૩૦૦ લાઈટ હાઉસ વિકસિત કરવા માટે ઉત્સુક છે. જળ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવાના હેતુસર તથા ટ્યુરિઝમને મહત્વ મળે તે માટે પગલા લેવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ આજે કહ્યું હતું કે, સરકારે વોટરવેમાં ૧૦૧ નદીઓને ફેરવી કાઢવા માટે સંસદની મંજુરી માંગી છે. આ ઉપરાંત આ ઉપરાંત ૫૦૦૦૦ કરોડ આગામી બે ત્રણ વર્ષમાં આના વિકાસ ઉપર ખર્ચ કરવામાં આવશે. ફિક્કી દ્વારા આયોજિત ઈન્લેન્ડ વોટરવે ઉપર એકરાષ્ટ્રીય પરિષદમાં બોલતા ગડકરીએ કહ્યું હતું કે, વડાપ્રધાને અમને ૩૦૦ લાઈટ હાઉસ અને ૧૧૦૦ આઈલેન્ડ વિકસિત કરવા માટે દરખાસ્તનો સમાવેશ કરવા કહ્યું છે. એક કેબિનેટ નોંધ અમે તૈયાર કરીને હવે મોકલી દીધી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, દેશમાં વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવાની



ગણતરી પણ થઈ રહી છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વોટર વે મારફતે ચીજવસ્તુઓના પરિવહનની શક્યતા રહેલી છે. મોદી ટૂંક સમયમાં બાંગ્લાદેશની યાત્રાએ રવાના થઈ રહ્યા છે. વોટર વે અંગે તેમણે કહ્યું હતું કે, ૧૦૧ વોટરવે વિકસિત કરવા આગામી બે ત્રણ વર્ષમાં ૫૦૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે જેના માટે આગામી સત્રમાં સંસદની મંજુરી મેળવવામાં આવશે. સરકાર પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડ મારફતે વોટર વે વિકસિત કરશે.

બિડરો દ્વારા પાંચ માર્ગ પ્રોજેક્ટોમાં ભારે ઉત્સાહ દર્શાવવામાં આવ્યો છે જેમાં એક લાર્સન એન્ડ ટુબ્રો પણ છે. ૧૦૧ નદીઓને વોવરવેમાં કન્વર્ટ કરી દેવામાં આવશે. પ્રવર્તમાન પાંચ વોટર વે પૈકી માત્ર ત્રણ જ હજુ સુધી વિકસિત કરી શકાય છે. ૧૦૧ નદીઓને વોટરવેમાં કન્વર્ટ કરવાની હિલચાલ ચાલી રહી છે ત્યારે ૧૬ માટે વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ આ મહિનામાં તૈયાર કરી લેવામાં આવશે. જ્યારે બીજા ૪૦ માટે ડિસેમ્બર ૨૦૧૫ સુધી પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થશે. શીપબિલ્ડિંગ યાર્ડ અને આસામ, અંદામાન અને નિકોબાર અને ગુજરાતમાં કંડલા ખાતે રિપેર હબને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

**સ્વચ્છ ભારત અભિયાનને સર્વોચ્ચ પ્રાથમિકતા**

## જૂન સુધી તમામ સ્કૂલોમાં ૧૦૦ ટકા ટોયલેટ રહેશે

નવીદિલ્હી,તા. ૨

નાણામંત્રી અરુણ જેટલીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સ્વચ્છ ભારતને ઉચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. સરકાર જૂન ૨૦૧૫ સુધી સ્કૂલોમાં ૧૦૦ ટકા ટોયલેટની સુવિધા ઉભી કરવાની ઈચ્છા ધરાવે છે. આ મહિનામાં જ સ્કૂલોમાં ટોયલેટની ૧૦૦ ટકા ઉપલબ્ધતા રહે તેની ખાતરી કરવામાં આવી રહી છે. મહત્વકાંક્ષી સ્વચ્છ ભારતના અભિયાનના ભાગરુપે આ કવાયત ચાલી રહી છે. જેટલીએ કહ્યું હતું કે, અમારો પ્રાથમિક લક્ષ્ય તમામ સ્કૂલોમાં અને ખાસ કરીને જ્યાં બાળકી સ્કૂલ જાય છે ત્યારે ટોયલેટ ઉપલબ્ધ કરાવવાનો છે. આ મહિનામાં અમે ૧૦૦ ટકા ટોયલેટ રેટ હાસલ કરવા ઈચ્છુક છીએ. જેટલીએ સ્વચ્છ ભારત પ્રોગ્રામમાં આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોર્પોરેટ સોશિયલ રિન્સ્પોશિબિલીટી પ્રોગ્રામના ભાગરુપે આ કાર્યક્રમ આગળ વધશે. અમારી નાણાંકીય નીતિને ઘણી બધી પહેલ રહેલી છે. જે પૈકી સ્વચ્છ ભારત પણ મહત્વપૂર્ણ છે. સ્વચ્છ ભારત અભિયાન અટકાયતી આરોગ્ય કાર્યક્રમ સંભાળ તરીકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગંદકી અને પર્યાવરણ દ્વારા ફેલાતા રોગ ઉપર પ્રતિવ્યક્તિ ખર્ચનો આંકડો પણ ચિંતાજનક છે. સ્વચ્છતાને લઈને આને સુધારી શકાય છે. આરોગ્ય ઉપર પણ આની સારી અસર થશે. ક્વોલિટી ઓફ લાઈફને પ્રાતમિકતા આપવામાં આવી રહી છે. આજકારણ સર વડાપ્રધાન સ્વચ્છ ભારત અભિયાન છેડવા માટે સ્વતંત્રતા દિવસની પસંદગી કરી હતી. જેટલીએ ઉમેર્યું હતું કે, આ અભિયાન સમગ્ર દેશમાં સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. લોકો આને સ્વીકારીને આગળ વધી રહ્યા છે. લોકો પોતાના કાર્યક્રમ તરીકે આને ગણે છે. જેટલીએ આશા વ્યક્ત કરી હતી કે, અન્ય કોર્પોરેટ હાઉસમાં ક્લિન ઈન્ડિયા મિશનને લઈને આગળ આવશે અને આને પોતાની જવાબદારી સમજીને ઉપાડી લેશે. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારના કાર્યક્રમોને ઘણા લોકો એક સાથે ઉપાડે તે જરૂરી છે.

## પોલિસી સમીક્ષા જારી : રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો અંતે ઘટાડો

મુંબઈ,તા. ૨

બેંક ઓફ ઈન્ડિયાએ આજે ભારે અપેક્ષા વચ્ચે તેની બીજી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. ઉદ્યોગગજતની માંગને ધ્યાનમાં લઈને રીઝર્વ બેંકે આજે બેન્ચમાર્ક રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ આ રેટ હવે ૭.૨૫ ટકા થઈ ગયો છે. રેપોરેટમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ ઓટો અને હોમ લોન સસ્તી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સામાન્ય લોકોને આના કારણે રાહત મળી શકે છે. આ કેલેન્ડર વર્ષમાં હવે ત્રણ વખત રેટમાં કાપ મુકવામાં આવી ચુક્યો છે. આ અગાઉ જાન્યુઆરી અને માર્ચમાં રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. જો કે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને સીઆરઆર અને એસએલઆરમાં કોઈ ફેરફાર કર્યો ન હતો. એસએલઆરને ૨૧.૫ ટકાના દરે જાળવી રાખવામાં આવ્યો છે. હવે ચોથી ઓગસ્ટના દિવસે ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવશે. ભારત વિશ્વમાં સૌથી ઝડપી ઉભરી રહેલા અર્થતંત્રમાં સ્થાન મેળવી ચુક્યું છે. ચીનને પાછળ છોડવામાં ભારતે સફળતા મેળવી છે. પરંતુ અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, અન્ય પરિબળોની સાથે આંકડા મેળ ખાતા નથી. ૪૮ અર્થશાસ્ત્રીઓ પૈકીના ૩૫ માની રહ્યા હતા કે આરબીઆઈ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો



ઘટાડો કરીને તેને ૭.૨૫ ટકા કરી શકે છે. અને તેમની ગણતરી યોગ્ય સાબિત થઈ છે. જાન્યુઆરીમાં પણ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આવી જ રીતે માર્ચમાં પણ તેમાં ઘટાડો કરાયો હતો. શેરબજાર અને ઉદ્યોગજગતની માગને ધ્યાનમાં લઈને તથા હાલમાં રહેલા સંજોગોને ધ્યાનમાં લઈને આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને આજે વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો. વ્યાજદરમાં ઘટાડો કરવાની સાથે હવે લોન સસ્તી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ૭મી એપ્રિલના દિવસે તેની છેલ્લી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને પોલિસી રેટ અથવા રેપોરેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો.

આજની પોલીસી સમીક્ષા પહેલા રિઝર્વ બેંકે આ વર્ષે પોલિસી રેટમાં બે વખત ઘટાડો કર્યો છે જેમાં જાન્યુઆરી અને માર્ચ મહિનામાં બે વખત પોલિસી રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરાયો હતો. રેપોરેટ હાલમાં ૭.૫ ટકા છે જ્યારે કેશરિઝર્વ રેશિયો હાલમાં ચાર ટકાની સપાટી ઉપર છે. સરકાર ૨૦૧૪-૧૫માં જીડીપીના ચાર ટકા સુધી ફિસ્કલ ડેફિસિટને કાબૂમાં લેવામાં સફળ રહી છે ફિક્કી, એસોચેમ દ્વારા વ્યાજદરમાં કાપની માંગ કરી હતી. રીટેલ ફુગાવો એપ્રિલમાં ૪.૮૬ ટકા થઈ ગયો હતો જે ચાર મહિનાની નીચી સપાટી પર હતો.

**ઓટોસ્પી કરનાર આદર્શકુમારનો ધડાકો**

## સુનંદાના મોતને કુદરતી જાહેર કરવા માટે દબાણ લવાયું હતું

નવી દિલ્હી,તા. ૨

સુનંદા પુષ્કર હત્યા કેસમાં આજે એક નવો વળાંક આવ્યો હતો. કારણ કે, સુનંદાના મૃતદેહ ઉપર ઓટોસ્પી કરનાર તબીબ આદર્શકુમારે આજે ફરી એકવાર જાહેરમાં આવીને આક્ષેપ કર્યો હતો કે, સુનંદાના મૃત્યુને કુદરતી તરીકે જાહેર કરવા તેમના ઉપર અને ફોરેન્સિક ડિપાર્ટમેન્ટના અન્ય તબીબો ઉપર જોરદાર દબાણ લાવવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના તબીબ દ્વારા આ મુજબનો દાવો કરતા ખળભળાટ મચી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડોક્ટર શશાંક પૂર્ણિયાની સાથે આદર્શકુમારે ૫૨ વર્ષીય સુનંદાના ઓટોસ્પીની પ્રક્રિયા હાથ ધરી હતી. ફોરેન્સિક વિભાગના અધિકારી ડોક્ટર સુધીર ગુપ્તાના નેતૃત્વમાં ટીમ આદર્શકુમાર અને શશાંક પુર્ણિયા હતા. ગયા વર્ષે ૧૭મી જાન્યુઆરીના દિવસે હોટલ લીલામાં સુનંદા મૃત હાલતમાં મળી આવી હતી.

ઓટોસ્પી પર નજર રાખનાર મેડિકલ બોર્ડમાં કુમાર તે વખતે સભ્ય તરીકે હતા. ગયા વર્ષે



સપ્ટમ્બર મહિનામાં દિલ્હી પોલીસને સુપ્રત કરવામાં આવેલા અંતિમ ઓટોસ્પીમાં ટીમે કહ્યું છે કે, સુનંદાએ ઝેર ખાઈનચે આત્મહત્યા કરી હતી. કેન્દ્રીય આરોગ્યમંત્રી જેપી નંડાને મોકલવામાં આવેલા પત્રમાં કુમારે આક્ષેપ કર્યો હતો કે, ટીમને સુનંદાના મોતના કેસને કુદરતી તરીકે જાહેર કરવા કહેવામાં આવ્યું હતું. ઓટોસ્પીના મામલામાં ટીમે સૈદ્ધાંતિક વલણ અપનાવ્યું હતું અને પ્રોફેશનલ વલણ અપનાવ્યું હતું. કોઈ દબાણ સમક્ષ ઝુંકવાનો ટીમે ઈન્કાર કર્યો હતો. વરિષ્ઠ તબીબે આક્ષેપ કર્યો હતો કે, એમ્સના ડિરેક્ટર એમસી મિશ્રા છેલ્લા એક વર્ષથી ફોરેન્સિક વિભાગ સાથે સહકાર કરી રહ્યા ન હતા જેથી ડિપાર્ટમેન્ટના લોકો પરેશાન હતા. ગુપ્તાએ પણ આરોગ્ય મંત્રીને ૨૮મી મેના દિવસે પત્ર લખીને કહ્યું હતું કે, મિશ્રા સુનંદા પુષ્કર હત્યા કેસમાં ટેલરમેડ ઓટોસ્પી રિપોર્ટ આપવા તેમને કહી રહ્યા હતા. સુનંદા પુષ્કર મામલામાં અનેક નવા વળાંક આવી રહ્યા છે. કેટલાક મામલા એવા છે કે, જે મામલા પરથી હજુ ઘણા રહસ્યોને દૂર કરી શકાયા નથી.

## વચગાળાના કોચ તરીકે અંતે રવિ શાસ્ત્રીની વરણી કરાઈ

નવીદિલ્હી,તા. ૨

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન રવિ શાસ્ત્રીને ૧૦મી જૂનથી શરૂ થતાં બાંગ્લાદેશના પ્રવાસ દરમિયાન ભારતીય ટીમના વચગાળાના કોચ તરીકે રાખવામાં આવ્યા છે. બીસીસીઆઈએ બાંગ્લાદેશ પ્રવાસ માટે વચગાળાના કોચ તરીકે શાસ્ત્રીની નિમણૂંક કરાઈ છે. પત્રકારો સાથે વાતચીત કરતા આજે બીસીસીઆઈના સેક્રેટરી અનુરાગ ઠાકુરે આ મુજબની વાત કરી



હતી. ઠાકુરે કહ્યું હતું કે, બી અરૂણ બોલિંગ કોચ તરીકે રહેશે જ્યારે સંજય બાંગર બેટિંગ કોચ તરીકે રહેશે. આર શ્રીધર ફિલ્ડિંગ કોચ તરીકે રહેશે. શાસ્ત્રીએ ભારતીય ક્રિકેટ ટીમ અને બીસીસીઆઈને છેલ્લા ઘણા વર્ષોથી જુદી જુદી ભૂમિકાઓ અદા કરી છે. હાલમાં જ રવિ શાસ્ત્રીએ ઓસ્ટ્રેલિયા અને આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૧૫ના ગાળા દરમિયાન ટીમ ઈન્ડિયાના ડિરેક્ટરની ભૂમિકા અદા કરી હતી. હવે ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓલરાઉન્ડર બાંગ્લાદેશના પ્રવાસમાં વચગાળાના કોચ તરીકે રહેશે. રવિ શાસ્ત્રીએ પોતાની કેરિયર દરમિયાન ૮૦ ટેસ્ટ મેચ અને ૧૫૦ વનડે મેચો રમી હતી. ૧૯૮૩માં વર્લ્ડકપ જીતનાર ભારતીય ક્રિકેટ ટીમના ભાગ તરીકે પણ રવિ શાસ્ત્રી રહ્યો હતો. સચિન તેંડુલકર, સૌરવ ગાંગુલી, વીવીએસ લક્ષ્મણની સોમવારે નવી રચવામાં આવેલી એડવાઈઝરી કમિટિમાં નિમણૂંક કરવામાં આવી હતી. બીસીસીઆઈની ક્રિકેટ ટીમ વધુ મજબૂત બને તેવી યોજના છે. આજકારણસર મહાન સ્ટાર ખેલાડીઓને એડવાઈઝરી કમિટિમાં સામેલ કરવામાં આવ્યા છે.

## શેરબજાર ધરાશાયી : સેંસેક્સમાં ૬૬૧ પોઈન્ટનો મોટો કડાકો થયો

મુંબઈ,તા. ૨

શેરબજાર પત્તાના મહેલની જેમ ફરી એકવાર ધરાશાયી થયું હતું. રિઝર્વ બેંક દ્વારા રેટમાં અપેક્ષા મુજબ કાપ મુકવામાં આવ્યો હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ ન હતી અને સેંસેક્સ ૬૬૧ પોઈન્ટ ઘટી ગયો હતો. મોનસૂનની આગાહીને લઈને ચિંતા ફરી વળતા આ સ્થિતિ સર્જાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ ૬૬૧ પોઈન્ટ ઘટીને ૨૭૧૮૮ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૯૭ પોઈન્ટ ઘટીને ૮૨૩૬ની સપાટીએ રહ્યો હતો. રિઝર્વ બેંક દ્વારા આજે પોલિસી સમીક્ષા જારી કરતી વેળા વ્યાજદરમાં અપેક્ષા મુજબ ઘટાડો કરાયો હોવા છતાં શેરબજારમાં કડાકો બોલાઈ ગયો હતો. કારણ કે નબળા મોનસૂનની આગાહીથી ચીજવસ્તુઓના ભાવ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. આરબીઆઈએ આર્થિક વિકાસ દરનો અંદાજ પણ ૭.૮ ટકાથી ઘટાડીને ૭.૬ ટકા કર્યો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ આજે મંદીમાં રહ્યા હતા. બીએસઈ રિયાલીટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે બેંકેક્સમાં ૩.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એફએમસીજી, મેટલ ઈન્ડેક્સમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. રેટલક્ષી શેરમાં તીવ્ર કડાકો બોલી ગયો હતો. આરબીઆનું કહેવું છે કે, મોનસૂનની આગાહીના આંકડા પર તે નજર રાખશે. ફાયનાન્સિયલ શેર આજે તીવ્ર મંદી સાથે બંધ રહ્યા હતા. બેંક નિફ્ટીમાં ચાર ટકાનો ઘટાડો રહ્યો છે. એચડીએફસી, એચડીએફસી બેંક, એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંકમાં ૨.૬થી ૪.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. વેચવાલીનું તીવ્ર દબાણ જોવા મળ્યું હતું. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૨.૨ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૮૭૧ શેરમાં મંદી અને ૮૦૯ શેરમાં તેજી રહી હતી. શેરબજારમાં આજે સવારે મંદીનુ મોજુ ફરી વળ્યું હતુ. કારોબારની શરૂઆતમાં જ સેન્સેક્સમાં વધુ ઘટાડો થયો હતો. શરૂઆતમાં કેટલાક શેરમાં ભારે અફડાતફડી રહી હતી. સેન્સેક્સ ગઈકાલે કારોબારના અંતે ૨૧ પોઈન્ટ ઉછળીને ૨૭૮૪૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૪૩૩ની સપાટીએ ફ્લેટ રહ્યો હતો. ચોથા ત્રિમાસિક ગાળામાં જીડીપીના આંકડાથી સાબિત થઈ ગયું છે કે ભારત ચીનને પાછળ છોડીને વિશ્વનું સૌથી ઝડપી ઉભરતું અર્થતંત્ર બની ગયું છે. ભારતમા મેન્યુફેક્ચરીંગ પીએમઆઈનો આંકડો પણ ચાર મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. ગઈકાલે સેક્ટરલ મોરચે બીએસઈ કેપિટલ ગુડ્સ, રિયાલિટી અને એફએમસીજી ઈન્ડેક્સમાં બે ટકા સુધીનો વધારો નોંધાયો હતો. જ્યારે હેલ્થકેર અને બેંકેક્સમાં એક ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

## ભારતને માતૃભૂમિ તરીકે ગણનારને બધા અધિકારો

મુંબઈ,તા. ૨

મુસ્લિમોને મતદાનના અધિકાર અંગે પક્ષના વરિષ્ઠ નેતા સંજીવ રાવતની ટિપ્પણી અંગે ચૂંટણી પંચે નારાજગી વ્યક્ત કર્યાના સપ્તાહ બાદ શિવસેનાએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જે મુસ્લિમ લોકો તેમની માતૃભૂમિ તરીકે ભારતને ગણે છે તે તમામ લોકોને તમામ નાગરિક અધિકારો મળવા જોઈએ. શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં આજે આ મુજબની માહિતી આપી હતી. શિવસેનાએ કહ્યું છે કે, દેશના વિકાસની ગતિવિધિથી ખુશ થયેલા અને ભારતને માતૃભૂમિ ગણનાર લોકોને તમામ અધિકાર મળવા જોઈએ. સેનાએ કહ્યું છે કે, યુવાનને રોજગારી આપવાના ઈન્કાર કરવાના બિઝનેસ હાઉસના નિર્ણયથી અમે ખુશ નથી.

**અધિકારીઓની નિમણૂંકની સરકારને સત્તા નથી**

## નિમણૂંકો કરવાની તેમની પાસે સત્તા : એલજીની ફરી સ્પષ્ટતા

નવી દિલ્હી,તા. ૨

એન્ટી કરપ્શન બ્રાંચ (એસીબી)માં બિહાર પોલીસના પાંચ અધિકારીઓની દિલ્હી સરકારે નિમણૂંક કર્યાના એક દિવસ બાદ લેફ્ટી ગવર્નરે આજે ભારપૂર્વક કહ્યું હતું કે, માત્ર તેમની પાસે જ આ પ્રકારની નિમણૂંકો કરવાની સત્તા રહેલી છે.એલજી આવાસ પરથી જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા હાલમાં જ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, એસીબી દિલ્હી એલજીની સત્તા, નિયંત્રણ અને દેખરેખ હેઠળ કામ કરે છે. રાજનિવાસ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, એસીબી દિલ્હી એલજીના માર્ગદર્શનમાં કામ કરે છે પરંતુ એલજીની ઓફિસને દિલ્હી પોલીસના બહારથી આવા કર્મચારીઓની નિમણૂંક માટે કોઈ દરખાસ્ત મળી નથી. આ મામલામાં ચકાસણી કરવામાં આવશે. દિલ્હી સરકારના વિજિલન્સ વિભાગ તરફથી વિધિવત દરખાસ્ત મળ્યા બાદ આ દિશામાં આગળ વધવામાં આવશે. આ નિવેદનથી સ્પષ્ટ થઈ જાય છે કે, દિલ્હી સરકાર પાસે દિલ્હી એસીબીમાં ડેપ્યુટેશન ઉપર બિહારમાં અધિકારીઓની નિમણૂંક કરવાની કોઈ સત્તા નથી. એલજીની ઓફિસના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા દિલ્હી સરકારે કહ્યું છે કે, હાઈકોર્ટે પહેલાથી જ એસીબીના અધિકાર ક્ષેત્રના મુદ્દે વિવાદનો અંત પહેલાથી જ લાવી દીધો છે. આમા કોઈ ગુંચવણ નથી. એસીબી અંગે કાયદામાં બિલકુલ સ્પષ્ટ વાત કરાઈ છે. હાઈકોર્ટે પણ આને વાજબી ઠેરવ્યું છે. એસીબીને મજબૂત કરવા દિલ્હી સરકાર દેશભરમાં તમામ ઈમાનદાર અધિકારીઓને અપીલ કરે છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ કહ્યું છે કે, દિલ્હી સરકાર અને એસીબી દેશભરમાંથી કોઈપણ જગ્યાએથી પોલીસ અધિકારીઓની નિમણૂંક કરવાની સત્તા ધરાવે છે. મોડેથી તેઓએ એલજી સાથે પણ વાતચીત કરી હતી.

## મુંબઈ-અમદાવાદ વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડશે

નવી દિલ્હી,તા. ૨

નવા રેલવે પ્રધાન સુરેશ પ્રભુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી અમદાવાદ-મુંબઈ વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવાની પહેલની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છે. પ્રભુએ ૫૪૩ કિલોમીટર લાંબા મુંબઈ-અમદાવાદ કોરિડોરની પ્રગતિને લઈને અધિકારીઓ સાથે સતત વાતચીત જારી રાખી છે. તેમણે કહ્યું છે કે આ રૂટ પર કેટલાક ફિઝિબિલિટી અભ્યાસ પૂર્ણ કરવામાં આવ્યા બાદ બાકીની અડચણોને દુર કરવામાં આવે તે જરૂરી છે. પ્રભુ દ્વારા કહેવામાં આવ્યું હતું કે આ પ્રોજેક્ટ સૌથી પહેલા આગળ વધે તે જરૂરી છે. અગાઉના બજેટમાં આની જાહેરાત પણ કરવામાં આવી ચુકી છે.

**બીએસએનએલ દ્વારા જાહેરાત કરાઈ**

## ૧૫મી જૂનથી દેશભરમાં મફ્ત રોમિંગ સેવા કરાશે

નવી દિલ્હી,તા. ૨

કેન્દ્રીય દૂરસંચાર પ્રધાન રવિશંકર પ્રસાદે આજે કહ્યું હતું કે, સરકારી ટેલિફોન કંપની બીએસએનએલ ૧૫મી જૂનથી દેશભરમાં મફતમાં રોમિંગ સેવા આપવા જઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, સત્તામાં આવ્યા બાદથી જ એનડીએ સરકારે ફ્રી નેશનલ રોમિંગ સેવા આપવાનું વચન આપ્યું હતું. આ અગાઉ યુપીએ સરકારે પણ ફ્રી નેશનલ રોમિંગ સેવા આપવાનું વચન આપ્યું હતું. વર્ષની શરૂઆતમાં વોડાફોન અને રિલાયન્સે પણ રોમિંગ ચાર્જ લઘુત્તમ કરવાની પહેલ કરી હતી. પ્રસાદે કહ્યું છે કે, સ્પેક્ટ્રમ વહેંચણી અને ટ્રેડિંગ પોલિસી આ મહિનામાં કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. જુલાઈ અથવા ઓગસ્ટ સુધી ઈન્ડિયા પોસ્ટને પેમેન્ટ બેંક લાયસન્સ મળી શકે છે. બીએસએનએલે પોતાની લેન્ડલાઈન સેવામાં ઘટાડો તથા આ બિઝનેસને સુધારવા રાત્રિ ગાળામાં ફ્રી કોલિંગની સુવિધા ગયા મહિને શરૂ કરી હતી. મે મહિનામાં શરૂ કરવામાં આવેલી આ સ્કીમ હેઠળ બીએસએનએલે દેશના કોઈપણ ઓપરેટરને રાત્રે નવ વાગ્યાથી સવારે સાત વાગ્યા સુધી ફ્રી કોલિંગની સુવિધા આપી છે. ટ્રાઈના જણાવ્યા મુજબ લેન્ડલાઈનના સૌથી વધારે કસ્ટમરો હોવાથી આ સેગ્મેન્ટમાં ફેબ્રુઆરી મહિનામાં બીએસએનએલે સૌથી વધારે ઝડપથી કસ્ટમરો ગુમાવવાની ફરજ પડી હતી. આ ગાળા દરમિયાન એરટેલને સૌથી વધારે ગ્રાહકો મળ્યા હતા. બીએસએનએલના લેન્ડલાઈન યુઝરોની સંખ્યા ફેબ્રુઆરીના અંતમાં ૧.૬૬ કરોડ હતી. હાલમાં મોબાઈલ કંપનીઓ વચ્ચે ગ્રાહકોને આકર્ષિત કરવા માટે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. આવી સ્થિતિમાં બીએસએનએલ પણ લડાયક મુડમાં છે અને તે નવી નવી ઓફરો કરીને ગ્રાહકોને પોતાની તરફ ખેંચવા ઈચ્છુક છે.